સંવેદના ટ્રસ્ટ

samvedana
give your compassion a name

સત્વ પ્રોજેક્ટ

Sattva

2017

2ND FLOOR, TRINITY BUILDING, NR.ZYDUS HOSPITAL, HEBATPUR ROAD, OFF S.G.ROAD, AHMEDABAD -380057 CALL: +91 8980004468

સત્વ – ૧/3

સંવેદના ટ્રસ્ટ બાળ-વિકાસના ક્ષેત્રે ૨૦૦૩ થી એટલે કે છેલ્લા ૧૪ વર્ષથી કામ કરી રહી છે. શરૂઆત શિક્ષણક્ષેત્ર થી કરી હતી, જેમાં સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ઘણી ઉતમ પ્રકારની સેવાઓ અને અનુભવો મેળવવા માટેનું એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું. અને શિક્ષણ ને લગતી ઘણી સમસ્યાઓનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. પરંતુ અમુક વર્ષના શૈક્ષણિક કામના અનુભવના અંતે સંસ્થાએ સમસ્યાના મૂળ શોધવાની કોશિશ કરી, અને સમસ્યાનું મૂળ કુપોષણ મળી આવ્યું. જેમાં સંસ્થાના સ્થાપક જાનકી વસંત નો સૌથી મોટો ફાળો રહેલો છે. જેમણે પોતાની જાતે આંગણવાડી કેન્દ્ર અને બાળકોના ઘરની મુલાકાત કરી અને શહેરનું સાચું ચિત્ર પોતાની નજરે જોયું. ત્યારબાદ સંસ્થાએ આંગણવાડીઓ સાથે કામ કરવાનું શરુ કર્યું. અને એ શીખ પણ મળી કે જ્યાં સુધી બાળક નું પેટ નહિ ભરાય ત્યાં સુધી એમના મન અને તનના વિકાસની તો કલ્પના કરવી જ મુશ્કેલ. આમ, પણ આપણે આપણા રોજીંદા જીવનમાં જોઈએ છીએ કે જયારે કોઈ છોડ નાનો હોય અને એકવાર કરમાઈ ગયા પછી એમને પાછો ખીલવવો ઘણો અઘરો હોય છે. પણ હા, એ પણ ગુજરાતીમાં સાચી કહાવત છે કે ઉગતા છોડને વાળી શકાય. આવું જ કંઇક માનવ જીવનમાં પણ છે, જયારે બાળક નાનું હોય અને તેમને યોગ્ય આહાર ના મળે તો એ બાળકનો તેમની ઉમર અનુસાર જે શારીરિક-માનસિક વિકાસ થવો જોઈએ તે નથી થઇ શકતો. જેથી બાળકને બાળપણમાં યોગ્ય પોષણયુક્ત આહાર મળે તે ખુબ જરૂરી છે. અને બાળકને કુપોષણ અને અન્ય ગંભીર બીમારીઓમાંથી બચાવી શકાય. એ હેતુથી વર્ષ જૂન ૨૦૧૬ માં તમામ ૭૬ આંગણવાડીઓમાં આવતા અને તે વિસ્તારના ૧ થી ૬ વર્ષના કુપોષિત બાળકોને, ગુજરાત સરકાર દ્વારા અપાયેલા અને WHO (વિશ્વ આરોગ્ય સંસ્થા) દ્વારા માન્ય વેઇટ-સ્કેલ આપવામાં આવેલા છે, જેમના દ્વારા કુપોષિત બાળકોને Identify કર્યા. તેમજ સરકાર દ્વારા અપાતા માતૃમંડળ અને પુરકપોષણ ઉપરાંત ફળ અને પોષણ યુક્ત આહાર ડોક્ટરોની સલાહ મુજબ કુપોષિત બાળકોને આપવાનું શરુ કર્યું, કારણ કે આપણે સૌ કોઈ જાણીએ છીએ કે સરકારી શાળા કે આંગણવાડીમાં ૯૦ ટકા ઉપરના બાળકો ગરીબ ઘરમાંથી આવે છે, એટલે કે સમાજમાં જેમનું આર્થિક ઉપાર્જન ઓછુ છે, જેઓ સામાન્ય જીવનમાં પોષણ યુક્ત જુદો જુદો આહાર-ફળ-શાકભાજી-ડ્રાયફ્રૂટ વગેરે ખાઈ શકે તેટલું નથી કમાતા.

ઘણી વાર તેમને સાદો રોટલો કે રોટલી પણ સમયસર અથવા તો ભૂખ અનુસાર નથી મળતા. આમ, કુપોષણ પાછળ એક તો ગરીબી, સમાજની અમુક અવ્યવસ્થાઓ, શિક્ષણ નો અભાવ વગેરે ઘણા પરિબળો જવાબદાર છે તો આપણે ગુજરાત,ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે કુપોષણ ને સમજવાની કોશિશ કરીએ.

ગુજરાતમાં 1.47 લાખ આંગણવાડી બાળકોને ગંભીર તીવ્ર કુપોષણ છે

લેખક: Himanshu Kaushik

Feb 25, 2016, 10.02 AM IST

પ્રાપ્તિસ્થાન: ટાઈમ્સ ઓફ ઇન્ડિયા

http://timesofindia.indiatimes.com/city/ahmedabad/1-47-lakh-Gujarat-anganwadi-kids-have-severe-acute-malnutrition/articleshow/51133110.cms

અમદાવાદ: ગુજરાતના સામાજિક-આર્થિક સમીક્ષકે ખુલાસો કર્યો છે કે રાજ્યમાં આંગણવાડી ખાતેના 43 લાખ બાળકોમાંથી 1.47 લાખ બાળકો ગંભીર તીવ્ર કુપોષણથી પીડાતા હોવાનું જાણવા મળ્યું છે.આ સાક્ષાત્કાર એ દર્શાવે છે કે કેવી રીતે કુપોષણ આજે એક પડકાર છે, એક આર્થિક પ્રગતિશીલ રાજ્ય કે જેનો વિકાસ મોડલ સમગ્ર ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા નકલ કરવામાં આવે છે.આપના આધારે 3.41% આંગણવાડી બાળકોને એસએએમ મળી હોવાનું જાણવા મળ્યું છે, કુપોષણવાળા બાળકોની કુલ સંખ્યા ખૂબ ઊંચી હોઇ શકે છે.

રાજ્ય વિધાનસભામાં બુધવારે રજૂ કરેલા જવાબો મુજબ, રાજ્યના પાંચ જિલ્લાઓના 46 તાલુકાઓમાં 1.97 લાખ કુપોષણનો શિકાર છે અને 24,762 સેમ બાળકો છે. બનાસકાંઠા, પાટણ, નવસારી, જુનાગઢ અને ખેડા જિલ્લા.આશ્ચર્યજનક રીતે, આ પાંચ જીલ્લાના કુલ 24,762 સેમ બાળકોમાંથી, 14,371 પાટણમાં છે. જે 1.97 લાખ કુપોષિત બાળકોમાંથી 68% છે, પાટણના આઠ તાલુકામાં એકલું છે.ગુજરાત 2015-16ના સામાજિક-આર્થિક સમીક્ષક કહે છે કે ગુજરાત સરકારે મે 2015 માં રાજ્યને કુપોષણથી મુક્ત કરવાનો નિર્ણય લીધો છે.રિપોર્ટ્સ જણાવે છે કે સેમના બાળકો તબીબી જટીલતાઓ ધરાવતા હતા અને ભૂખની ચકાસણીમાં નિષ્ફળ ગયા હતા તે બાળ કુપોષણ ઉપચાર કેન્દ્રો અથવા પોષણ પુનઃસ્થાપન કેન્દ્રોને જિલ્લા સ્તરે ચલાવવામાં આવે છે.**તાજેતરની ટિપ્પણી:** ગુજરાત એક મુખ્ય કુપોષણનું રાજ્ય છે, ખાસ કરીને છોકરી અને મહિલાઓ માટે. પરંતુ તેઓ નિર્લજ્જતાથી તેને ફેશન સભાન કહે છે. એઝેકીલ લિવિંગ્સ્ટન

ઓક્ટોબર 2013 માં, કેગને જાણવા મળ્યું કે માર્ચ 2012 માસિક પ્રગતિ અહેવાલ જણાવે છે કે રાજ્યમાં દર ત્રીજા બાળક ઓછું વજન ધરાવે છે. આમ ગુજરાતમાં કુપોષણ નું પ્રમાણ હજુ જોઈએ તેટલું ઘટ્યું નથી. વર્ષોથી સ્થિતિ એમની એમ જ છે. તો હવે આપણે અમદાવાદ શહેરમાં કુપોષણ નાબુદી માટે કામ કરતી સંવેદના સંસ્થાના અનુભવો, કાર્યપદ્ધતિ, પ્રયોગો અને પરિણામો વગેરે સમજીએ.

Vision:

પોષણ, શિક્ષણ અને કૌશલ્ય નિર્માણના વિસ્તારમાં ટકાઉ અસર માટે એક ઉત્પ્રેરક બનવું, જેનાથી ગરીબીના એકમ અને સંકલન તરીકે તેમના પરિવારને ધ્યાનમાં લેવામાં આવે

Mission

પોષણ માટેની અમારી પહેલ આંગણવાડીના કુપોષણને નાબુદ કરવા અને પ્રારંભિક બાળ સંભાળની જાગૃતિ ફેલાવવા માટે છે.

સંવેદના સંસ્થા ઘાટલોડિયા,ચાંદલોડિયા અને થલતેજ એમ ત્રણ વોર્ડની **૭૬** આંગણવાડી સાથે કામ કરી રહી છે. સત્વ પ્રોજેક્ટ અંતર્ગત કુપોષિત બાળકોને પોષણયુક્ત આહાર પૂરો પાડવામાં આવે છે અને તેમના માતાઓનું કાઉન્સેલિંગ કરવામાં આવે છે. સત્વ પ્રોજેક્ટ જૂન ૨૦૧૬ થી શરૂ કરવામાં આવેલ છે, જે ૧૦૦ દિવસની પ્રથમ ડ્રાઈવ હતી. જેમનો સમયગાળો જૂન ૨૦૧૬ થી લઈને ઓકટોબર ૨૦૧૬ સુધીનો હતો, ત્યારબાદ બીજી ૧૦૦ દિવસની ડ્રાઈવ નવેમ્બર ૨૦૧૬ થી લઈને ફેબ્રુઆરી ૨૦૧૭ નો હતો. જયારે ૩જી ડ્રાઈવ નો સમયગાળો માર્ચ ૨૦૧૭ થી લઈને જુલાઈ ૨૦૧૭ સુધીનો હતો. જેમની શરૂઆત થી લઈને અંત સુધીની પ્રક્રિયાને સમજીએ તો.

- ***પૂર્વ આયોજન:***

  ડ્રાઈવ શરૂ થતાં પહેલા સંવેદના સંસ્થાના તમામ સભ્યોની એક મિટિંગ બોલાવી હતી. જેમાં છેલ્લી ૨ ડ્રાઈવ નું એનાલીસીસ કરેલું. અને અનુભવના આધારે કેટલાક સુધારા – વધારા કરેલા. જેમ કે પ્રોગ્રામ ક્યારથી શરૂ કરવો, ડેટા કલેકશન કેવી રીતે કરવું, ડોક્ટર ની મિટિંગ ક્યારે બોલાવવી, મેનુ વિશે વગેરે ચર્ચા કરવામાં આવે છે. અને દરેક સભ્યના Views લેવામાં આવે છે. તેમજ દરેક ડ્રાઈવ માં કંઇક ને કંઇક નવું શીખવા મળ્યું છે જેમનો ઉપયોગ કરીને આગળ વધીએ છીએ. દા.ત. ડ્રાઈવ ૧ અને ૨ માં ૧૫ દિવસે કાઉન્સેલિંગ કરતા હતા પરંતુ ડ્રાઈવ-૩ માં ૩૦ દિવસે કાઉન્સેલિંગ રાખ્યું, કારણ કે કાર્યક્રમ ને ટકાવી/Sustain રાખવા માટે, તેમજ માતાઓ કેટલું ધ્યાન આપે છે, કાઉન્સેલિંગની ખરેખર કેટલી જરૂર છે/ તેમનું કેટલું મહત્વ છે વગેરે પ્રયોગ કરવો જરૂરી હતો.

- ***કુપોષિત બાળકોની ઓળખ અને ડેટા કલેક્શન:***

સંસ્થાના કાર્યકરો આંગણવાડી અને વિસ્તારમાં જઈ સરકાર દ્વારા અપાયેલા અને WHO સંસ્થા દ્વારા પ્રમાણિત થયેલા વજન કરવાના મશીન દ્વારા ૧ વર્ષ થી ૬ વર્ષ સુધીના તમામ બાળકના વજન અને ગ્રેડ R3 પ્રમાણે કાઢ્યા.

- R1 એ ઉમર અનુસાર વજન
- R2 એ ઉમર અનુસાર ઊંચાઈ
- R3 એ ઊંચાઈ અનુસાર વજન

તેમજ દરેક બાળકની ઊંચાઈ અને બાવડાનું માપ પણ લેવામાં આવે છે. આમ, દરેક બાળકના વજન અને ગ્રેડ ના આધારે બાળક કુપોષિત છે કે કેમ તેની ઓળખ કરી. આમ, દરેક આંગણવાડીમાંથી બાળકોના વજનના આંકડાઓ એકઠા કરી તેમાંથી કુપોષિત બાળકોના ડેટા સોફ્ટવેરમાં ફીડ કર્યા. **શરૂઆતમાં** કુલ લાલ-પીળા-લીલા અને પીળાની બોર્ડર પર હોય તેવા બાળકોનો ડેટા નીચે મુજબ છે.

WARD	Total children	Red	Yellow	Green
Thaltej	324	28	128	168
Ghatlodiya	156	25	63	68
Chandlodiya	187	11	43	133
Total	**667**	**64**	**234**	**369**

- ***સત્વ પેનલ :***

  ડેટા એકઠા કર્યા પછી સંસ્થાના સ્થાપક જાનકીબેન, સત્વ પ્રોજેક્ટ નો સ્ટાફ, મેડીકલ એક્સપર્ટ ડો. દીપાબેન અને ન્યુટ્રીશીયાનિષ્ટ ડો. સોહીનીબેન સાથે એક મિટિંગ બોલાવી હતી, જેમાં ખાસ કરીને પોષણયુક્ત Menu ની ચર્ચા કરવામાં આવી હતી અને વાર પ્રમાણે નક્કી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત **સંવેદના ટ્રસ્ટ દ્વારા કાઉન્સેલિંગ માટે ડોક્ટરના માર્ગદર્શન હેઠળ એક ખાસ પ્રકારનું ગુજરાતી મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યું છે**, જેમાં અઠવાડિયા પ્રમાણે પોષણ, સ્વચ્છતા, માનસિક આરોગ્ય વગેરે જેવા ખાસ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કાઉન્સેલિંગ બાબતે તેમજ કેટલી ઉમરના બાળકો લેવા, નવા કેટલા બાળકો લેવા, કેટલા જુના બાળકોને Continue કરવા. તેમજ સમયના આધારે અપગ્રેડ થયેલા કેટલા બાળકોને આ ડ્રાઈવમાં ન લેવા વગેરે ચર્ચા તર્કબદ્ધ રીતે કરવામાં આવી હતી. તેમજ નીચે મુજબની વાનગીઓ બાળકને પુરા ૧૦૦ દિવસ સુધી ખવડાવવામાં આવેલ છે.

- ***સંવેદના દ્વારા અપાયેલા પોષણયુક્ત આહારનું સમયપત્રક***

				વોર્ડ		
દિવસ	**વાનગીનું નામ**	**સામગ્રી**	**પોષકતત્વો**	**Thaltej**	**Ghatlodiya**	**Chandlodiya**
				Tuesday	**Thursday**	**Friday**
1	મોગર-મગ દાળના થેપલા અને ગોળ					
2	દુધીના થેપલા અને મુરબ્બો					
3	મગફળી અને					

	ખજુરના મિક્ષ લાડુ					
4	મગસ ના લાડુ					
5	રાગીની સુખડી					
6	બાફેલા શક્કરીયા અને લીબું					
•		**Calories**: 89g **Carbs**: 22.8 g **Sugar**: 12.2 g **Protein**: 1.1 g		**Mon/Tue/ Fri/Sat**	**Wed/Thu/Fri/Sat**	**Wed/Thu/ Fri/Sat**

સંવેદના અને અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા સત્વ ડ્રાઈવ ૧/૩નો આરંભ:

૨૧ માર્ચ ૨૦૧૭ ના રોજ સત્વ ૧/૩ ની શરૂઆત કરવામાં આવી હતી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે મળીને આ કાર્યક્રમનો આરંભ કરેલો, જેમાં અમદાવાદ શહેરના પ્રથમ નાગરિક એવા મેયર શ્રી ગૌતમભાઈ, સ્ટેન્ડિંગ કમિટી ના સભ્યો, આરોગ્ય તેમજ આઈ.સી.ડી.એસના તમામ સભ્યો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. તેમજ સંવેદના સંસ્થાનું પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી સ્વાગત કર્યું આ ઉપરાંત તમામ દાતાશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

- ***કાઉન્સેલિંગ:***

દર ૩૦ દિવસે કુપોષિત બાળકોની માતાઓનું કાઉન્સેલિંગ કરવામાં આવે છે. જે પ્રથમ અને બીજી ડ્રાઈવ વખતે ૧૫ દિવસે કરવામાં આવતું હતું. પરંતુ માતાઓ થોડી વધારે જવાબદારી લે, કાર્યક્રમ ને નિરંતર રાખવા અને એક સંશોધનના ભાગ રૂપે કે કાઉન્સેલિંગ ૧૫ દિવસે કરવાથી અને ૩૦ દિવસે કરવાથી બાળકના વજનમાં કઈ ફરક પડે છે કે કેમ તે અર્થે ૩૦ દિવસે કાઉન્સેલિંગ કર્યું છે.

આ ઉપરાંત કઠોળમાંથી પ્રોટીન મળે, લીલા પાંદડાવાળા શાકભાજીમાંથી લોહતત્વ મળે, ફાઈબર શામાંથી મળે આ ચર્ચા ઉપરાંત બાળકને સ્તનપાન કરાવવાની સાચી પદ્ધતિ, સ્વચ્છતા, ગર્ભાવસ્થા દરમ્યાન શું ધ્યાન રાખવું જોઈએ વગેરે ઊંડાણપૂર્વક ચર્ચા કુપોષિત બાળકોની માતાઓ સાથે તેમજ ગર્ભવતી અને ધાત્રી માતા સાથે કરવામાં આવે છે.

- ***આંગણવાડીમાં જુદા જુદા તહેવારો અને ખાસ Events ની ઉજવણી કરવી:***

➢ **હોલિકા દહનની ઉજવણી:**

સંવેદના સંસ્થાના કાર્યકરો દ્વારા દરેક આંગણવાડીમાં દરેક મુખ્ય તહેવારોની ઉજવણી કરવામાં આવે છે, એવી જ રીતે હોલિકા દહનની ઉજવણી પણ કરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ બાળકો તહેવારોને જાણે, આ તહેવારની ઉજવણી આપણા સમાજમાં કેવી રીતે થાય છે તે જાણે અને એમની પાછળનો ખ્યાલ શું છે તે જાણે એ હેતુથી હોલિકા દહનની ઉજવણી દરેક આંગણવાડીમાં કરવામાં આવી છે.

- ***માટલા વિતરણ:***

સંવેદના દ્વારા દરેક આંગણવાડીમાં ઉનાળાની ઋતુમાં માટલા અને ઢાંકણ નું વિતરણ કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદેશ્ય બાળકો તેમજ આપણા કાર્યકર અને સહાયક બહેનોને ઠંડુ પાણી મળી રહે. નહીતો બધા બહેનો અને બાળકો પ્લાસ્ટીક ની બોટલોમાં જ પાણી ભરી લાવતા હતા. પરંતુ માટલા મળવાથી તેઓ હવે ઠંડુ પાણી પી શકે છે.

- ***સમર કેમ્પ:***

સંવેદના સંસ્થા દર વર્ષે શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે સમર કેમ્પ નું આયોજન કરે છે, જેમાં બાળવિકાસ ને લગતી જુદી જુદી પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. આ વર્ષે સંવેદનાએ એક નવી પહેલ કરી અને આંગણવાડીના બાળકો સાથે સમર કેમ્પનું આયોજન કર્યું. જેનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો, જેમાં શૈક્ષણિક રંગપુર્ણી, કાગળકામ, બાળગીત, બાળકોનો આત્મ-વિશ્વાસ વધે તે માટે ખાસ પ્રવૃતિઓ કરાવવામાં આવી છે, તેમજ બાળકોને સમર કેમ્પ દરમ્યાન રોજે ફળ, શરબત, રસ-પૂરી વગેરે પોષણયુક્ત આહાર બાળકોને ખવડાવવામાં આવતો હતો. જેમાં એચ.એલ તેમજ નીરમાં જેવી વિખ્યાત કોલેજના વિદ્યાર્થીઓ સ્વૈચ્છિક કાર્યકર તરીકે સમર કેમ્પમાં જોડાય છે. અને કાર્યકર તેમજ સહાયક બહેનને પણ ક્લાસ ડેમોન્સ્ટ્રેશન જેવું થઇ જાય છે અને તેઓ પણ આનંદ અનુભવે છે.

- ***અક્ષયપાત્ર વિતરણ:***

સત્વ ડ્રાઈવ-૩ દરમ્યાન આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા અચોક્કસ મુદતની હડતાલ પાડવામાં આવી હતી, ત્યારે સંસ્થાના કાર્યકર દ્વારા દરેક આંગણવાડીના વિસ્તારમાં જઈ બાળકો સુધી અક્ષયપાત્ર નું ભોજન પહોચાડ્યું હતું.

જન્મ દિવસ ની ઉજવણી

samvedana
give your compassion a name

પરંપરાગત જન્મદિવસ ની ઉજવણી કરતા કંઇક નવું કરવું અને પોતાની ખુશીની સાથે બીજાને મદદરૂપ થવું તેમજ બાળકોમાં બચપન થી જ એક મુલ્ય વિકસે, સંવેદનશીલતા વધે એ અર્થે વાલીઓ આંગણવાડીના બાળકો સાથે પોતાના નાના દીકરા કે દીકરીનો જન્મદિવસ ઉજવવા આવતા હોય છે, જેમાં આંગણવાડીના બાળકોને કશુંક નવી વાનગી ખવડાવતા હોય છે આ ઉપરાંત કેક અને અન્ય ભેટ સોગાદ પણ આપતા હોય છે. મોટા ભાગના વાલીઓ સંસ્થાના ટ્રસ્ટી જાનકીબેન દ્વારા આવે છે આ ઉપરાંત સંસ્થાના કાર્યકરો દ્વારા આવે છે.

- ***તિથી ભોજન:***

samvedana
give your compassion a name

લોકો ખુશીના પ્રસંગે અને દુઃખદ ઘટના જેવા પ્રસંગોપાત આંગણવાડીના બાળકોને જમાડતા હોય છે, જે કદાચ દર અઠવાડિયામાં એક વાર તો હોય છે, અને જેમાં સંસ્થા સામેથી જ પોષણ યુક્ત મેનું જેમ કે મગની દાળ નો શીરો, મિક્ષ શાક વગેરે સૂચવે છે,

- ***રક્ષાબંધન:***

દરેક આંગણવાડીમાં સંસ્થાના કાર્યકરો દ્વારા આંગણવાડી કાર્યકર સાથે રહીને રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવે છે. જેમાં રાખડીઓ, ચોકલેટ અને કંકુ-ચોખા રાખવામાં આવે છે અને નાની બાલિકાઓ તેમના નાના ભયલાઓને રાખડી બાંધે છે. જેનો મુખ્ય હેતુ એ છે કે બાળકો ને ખબર પડે કે રક્ષાબંધનનો તહેવાર શું છે અને તેને કેવી રીતે ઉજવવામાં આવે છે. અને તેનું મહત્વ શું છે.

- ***રસોઈ શો:***

samvedana
give your compassion a name

બાલભોગ નો રસોઈ શો આઈ.સી.ડી.એસ દ્વારા કરવાનું કહેવામાં આવે છે, ત્યારે સાથે સાથે સંસ્થાના કાર્યકરોએ કાર્યકર બહેનો માટે પણ ખાસ પ્લાનિંગ કર્યું. જેમાં દરેક વ્યક્તિ કઇંક નવું પોતાની ઈચ્છા અને આવડત મુજબ બનાવી લાવે અને તે દિવસે બધા સાથે મળીને જમે અને એકબીજા સાથે પોતાની વાનગીની વહેંચણી કરીને ખાય છે. બહેનો માટે રસોઈ શો કરવાનું મુખ્ય કારણ એ પણ છે કે તેમની વચ્ચે આત્મીયતા વધે અને વધુ નિકટ આવે એ અર્થે આ રસોઈ કરવાનું આયોજન કર્યું હતું.

- ***શાળા પ્રવેશોત્સવ દરમ્યાન સગર્ભા-ધાત્રી માતાઓને રાગીની સુખડીનું વિતરણ:***

શાળા પ્રવેશોત્સવ દરમ્યાન સંવેદના સંસ્થા તરફથી ધાત્રી અને સગર્ભા માતાઓને રાગીની સુખડી આપવામાં આવી હતી, જેનો મુખ્ય હેતુ એ હતો કે તે માતાને પોષણ યુક્ત આહાર મળે અને તેમના બાળકની તંદુરસ્તી પણ જળવાઈ રહે.

યોગા દિવસ:

samvedana
give your compassion a name

૨૧ જૂન ના રોજ દરેક આંગણવાડીમાં યોગા દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં બાળકોને તેમની ઉમર અનુસાર યોગા કરાવવામાં આવ્યા હતા, અને દરેક કાર્યકર તેમજ સહાયક બહેનોને પણ સાથે સાંકળવામાં આવ્યા હતા. જેના કારણે બાળકને બચપન થી જ કસરત અને તેમની ઉપયોગીતા વિશેની સમજ બને.

- ***પુર અસરગ્રસ્ત લોકોની મદદે સંવેદના ટ્રસ્ટ***:

સંવેદના દ્વારા પુર અસરગ્રસ્ત લોકોના ઘરનો સર્વે કરવામાં આવ્યો, જેમાં સૌ પ્રથમ સંવેદના હેઠળની ૭૬ આંગણવાડીના વિસ્તારનો સર્વે કરવામાં આવ્યો અને ત્યાં જરૂરિયાતમંદ લોકોને સૌ પ્રથમ મદદ કરી અને સાથે બીજા જરૂરિયાત વાળા લોકોને પણ મદદ કરી, અને તેમને ૩ દિવસ સુધી ફૂડ પેકેટ્સ આપ્યા, ૨૦૦૦ કરતા વધારે લોકોને જમવાનું આપ્યું, ૬૦ જેટલા લોકોને તાડપત્રી આપી.

- પુર અસરગ્રસ્ત લોકોને તાડપત્રીનું વિતરણ:

- જન્માષ્ટમી

- **બડી કાર્યક્રમ:**

આ કાર્યક્રમ અંતર્ગત આનંદ નિકેતન સ્કૂલના બાળકો તેમના જન્મદિવસ નિમિતે એક અથવા તેમની ઈચ્છા મુજબ દુધની બોટલ અથવા થેલીઓ જમા કરે છે અને દર સોમવારે જેટલી પણ ભેગી થાય તે આંગણવાડીના બાળકો માટે મોકલે છે.

- ***શૈક્ષણિક પ્રવૃતિઓ***

સંસ્થાના કાર્યકરો દ્વારા દરેક આંગણવાડીમાં બાળકોને શૈક્ષણિક પ્રવૃતિઓ કરાવવામાં આવે છે અને કાર્યકર બહેનોને ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવે છે, જેમાં હળવી કસરત, રંગપુર્ણી, બાળગીત, મોટર સ્કીલ- ગ્રોસ અને ફાઈન મોટર સ્કીલના વિકાસ માટે જુદી જુદી પ્રવૃતિઓ કરાવવામાં આવે છે.

બ્રહ્મકુમારી બહેનો સાથે મેડિટેશન અને રક્ષાબંધન ઉજવણીનો કાર્યક્રમ:

બહેનોના પોતાના વિકાસ અર્થે અને મનની શાંતિ માટે સંવેદના સંસ્થા તરફથી મેડિટેશન માટેનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં થલતેજ વોર્ડની બહેનોએ એક અઠવાડિયાનો રાજયોગ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો, જયારે ઘાટલોડિયા અને ચાંદલોડિયા વોર્ડમાં ટૂંક સમયમાં આયોજિત કરવામાં આવશે. આ ઉપરાંત રક્ષાબંધનના કાર્યક્રમની

ઉજવણી પણ બ્રહ્મકુમારી બહેનો સાથે કરવામાં આવી છે. જેમાં પરિણામ સ્વરૂપે બહેનોનાં વર્તન અને વ્યવહારમાં ઘણો હકારાત્મક બદલાવ જોવા મળ્યો છે.

પડકારો/બાધારૂપ બાબતો:

- ૧૭ દિવસનું કાર્યકર બહેનોનું આંદોલન
- ૧૫ – ૧૫ દિવસ નું કાર્યકર-સહાયક બહેનોનું વેકેશન
- ભારે વરસાદ
- તમામ કાર્યકર બહેનોની એકસાથે તાલીમ એક અઠવાડિયા માટે
- શાળા વેકેશનની અસર

કુલ ત્રણેય વોર્ડનું પરિણામ:

samvedana
give your compassion a name

- ત્રણેય વોર્ડનું કુલ પરિણામ **૭૦%** છે,
- શરૂઆતમાં કુલ ૫૯૧ બાળકો હતા, જેમાંથી ૪૧૪ બાળકો અપગ્રેડ થયા.
- સૌથી વધારે પીળામાંથી લીલા ગ્રેડમાં ૩૧૭ બાળકો અપગ્રેડ થયા છે.
- બીજું કે લાલ ગ્રેડમાંથી લીલા ગ્રેડ માં ૪૭ બાળકો અપગ્રેડ થયા છે, જે સંસ્થાની ઘણી મોટો સિદ્ધિ છે.
- ત્રણેય વોર્ડમાંથી ૧૮ બાળકો એવા છે જે પીળા ગ્રેડમાંથી લાલ ગ્રેડમાં ડીગ્રેડ થયા છે.

વોર્ડ પ્રમાણે પરિણામ:

થલતેજ વોર્ડનું કુલ પરિણામ:

- થલતેજ વોર્ડમાં શરૂઆતમાં કુલ ૩૦૦ બાળકો હતા, જેમાંથી ૨૨૭ બાળકો અપગ્રેડ થયા છે,
- રસપ્રદ વાત એ છે કે લાલમાંથી પીળા અને લીલા બંને ગ્રેડનો અપગ્રેડ નંબર ઘણો નજીક છે, ૨૮ અને ૨૭ છે, જેમાં બાળકને અપગ્રેડ કરવા ઘણી મહેનતની જરૂર પડે છે. અને ઘણું અઘરું છે, પરંતુ જે શક્ય બન્યું છે.
- ૧૮ બાળકો જે કોઈને કોઈ કારણસર સ્થળાંતર થયેલા છે,
- જયારે ૫૫ બાળકો સ્થિતિસ્થાપક છે એટલે કે એમના વજનમાં કોઈ ફરક પડ્યો નથી.

ચાંદલોડિયા વોર્ડનું કુલ પરિણામ:

- ચાંદલોડિયા વોર્ડમાં શરૂઆતમાં કુલ ૧૫૯ બાળકો હતા, જેમાંથી ૧૧૬ બાળકો અપગ્રેડ થયા છે.
- ૪ બાળકો સ્થળાંતર થયેલા છે, જે બીજા બે વોર્ડ કરતા ઘણા ઓછા છે, જેનું કારણ એ છે કે અહી સ્થળાંતરીત લોકો ઓછા છે, અને સ્થાયી લોકો વધારે છે. જેના કરને બાળકોમાં સ્થળાંતરનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
- જયારે ૩૯ બાળકો એવા છે જેમના ગ્રેડમાં કોઈ ફરક પડ્યો નથી,

ઘાટલોડિયા વોર્ડ નું કુલ પરિણામ:

- શરૂઆતમાં ઘાટલોડિયા વોર્ડમાં કુલ ૧૩૨ બાળકો કુપોષિત હતા, જેમાંથી ૭૧ બાળકોના ગ્રેડ વધ્યા છે, જે લાલમાંથી પીળા અથવા લીલામાં, પીળામાંથી લીલામાં અપગ્રેડ થયા છે.
- સૌથી વધારે પીળા ગ્રેડ માંથી લીલા ગ્રેડમાં ૫૧ બાળકો અપગ્રેડ થયા છે. જ્યારે લાલ માંથી પીળામાં ૧૨ બાળકો અને લાલમાંથી લીલામાં ૮ બાળકો અપગ્રેડ થયા છે.
- ૧૭ બાળકો સ્થળાંતર છે
- ૪૪ બાળકો એવા છે જેના ગ્રેડ માં કોઈ ફરક પડ્યો નથી.

ડેટા વિશ્લેષણ:

વોર્ડ	લાલ	પીળા	લાલ	પીળા	લીલા	લીલા	કુલ	કુલ	સ્થળાંતરીત	સ્થિતિ-

	માંથી પીળા	માંથી લીલા	માંથી લીલા	માંથી લાલ	માંથી લાલ	માંથી પીળા	બાળકો	અપગ્રેડ થયેલા બાળકો	બાળકો	સ્થાપક બાળકો
થલતેજ	૨૮	૧૭૨	૨૭	૭	૦	૦	૩૦૦	૨૨૭	૧૮	૫૫
ઘાટલોડિયા	૧૨	૫૧	૮	૯	૦	૦	૧૩૨	૭૧	૧૭	૪૪
ચાંદલોડિયા	૧૦	૯૪	૧૨	૨	૦	૦	૧૫૯	૧૧૬	૪	૩૯
કુલ	**૫૦**	**૩૧૭**	**૪૭**	**૧૮**	**૦**	**૦**	**૫૯૧**	**૪૧૪**	**૩૯**	**૧૩૮**

- ***તારણો:***

1. સત્વ ૧/૩ ની જયારે શરૂઆત થઇ ત્યારે શરૂઆતમાં કુલ ૫૯૧ બાળકો હતા, જેમાંથી ૪૧૪ બાળકો અપગ્રેડ થયા, કુલ ૧૮ બાળકો જે પીળામાંથી લાલમાં ડીગ્રેડ થયા. તેમજ ૩૯ બાળકો સ્થળાંતર થયા અથવા તો શાળામાં જતા રહ્યા. જયારે ૧૩૮ બાળકો એવા છે જેમના વજનમાં કશો જ ફરક પડ્યો નથી.
2. સૌથી વધારે પીળા ગ્રેડમાંથી લીલા ગ્રેડમાં ૩૧૭ બાળકો અપગ્રેડ થયા છે, જયારે લાલમાંથી સીધા લીલા ગ્રેડમાં ૪૭ બાળકો અને લાલ માંથી પીળામાં ૫૦ બાળકો અપગ્રેડ થયા છે, જે સંસ્થા માટે મોટી સિદ્ધિ છે,
3. જે કુલ ૩૯ બાળકો સ્થળાંતર થયા છે, એમાંથી મોટા ભાગે ૬ વર્ષ પુરા કરી શાળામાં ગયા છે, અથવા તો બીજે રહેવા જતા રહ્યા છે એવા બાળકોનો સમાવેશ થાય છે. જેનું કારણ મુખ્ય એ છે કે ઉનાળાના વેકેશનમાં વાલીઓ વધારે સ્થળાંતર થતા હોય છે કારણ કે શાળા-કોલેજમાં અભ્યાસ કરતા બાળકોને શાળા બદલવી હોય અથવા નવા એડમિશન લેવાનું હોય માટે આ સમયમાં સ્થળાંતર નું પ્રમાણ વધારે ઊંચું હોય છે. આ ઉપરાંત માતા ગર્ભવતી હોય, માતા-પિતાના ઝઘડાઓના કારણે માં પિયરમાં જતી રહે છે ત્યારે બાળકને સાથે લઇ જાય છે વગેરે મુખ્ય કારણો છે જેના કારણે બાળકને સ્થળાંતર થવું પડે છે.

આભાર

samvedana
give your compassion a name